
**જન્મદિને વધામણી**



**શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા**
શિક્ષણમંત્રી, ગુજરાત રાજ્ય

# ગીત-ગઝલ-સંગીતના સાંનિધ્યમાં પુસ્તક પરબ પર વાચકોનો મેળાવડો









માતૃભાષા અભિયાન અને આત્મન ફાઉન્ડેશનના નેજા હેઠળ દર મહિનાના પ્રથમ રવિવારે યોજાતી પુસ્તક પરબ પર આ વખતે ૩૦૦થી વધુ મુલાકાતી પધાર્યા હતા.

આ વખતે પુસ્તકની આપ-લે સાથે પંકજ ગાંધીએ માઉથ ઑર્ગન પર સંગીતની સુરાવલીઓ છેડી હતી, જ્યારે કવિ કિશોર જીકાદરાએ એમના વૈવિધ્યસભર શેર સંભળાવી જલસો કરાવ્યો હતો. પુસ્તક પરબની મુલાકાતે નિવૃત્ત સનદી અધિકારી એચ બી વરિયા, વી એસ ગઢવી સાથે સાહિત્ય સભાના પ્રમુખ ભરત કવિ અને પ્રેસ અકાદમીના સચિવ પુલક ત્રિવેદી પણ પધાર્યા હતા. આ પ્રસંગે અમદાવાદમાં ચાલતા બૂક ફૅરની ચર્ચા થઈ હતી અને યુવાનો વાચન તરફ આકર્ષાયા હોવાનું નોંધાયું હતું. જાણીતા સંસ્કૃત સાહિત્યકાર ડૉ. અંબાલાલ પ્રજાપતિએ પોતાનાં ૫૦ પુસ્તકો સંજય થોરાતને ભેટ આપીને પુસ્તક પરબના સેવકોનું સન્માન કર્યું હતું. આ પુસ્તક પરબમાં પ્રજ્ઞા પટેલ, અશોક ત્રિવેદી, ધુર્જટી પ્રજાપતિ, દિશાન્ત ગર્ગ, રોહા પરમાર, કિશોર જીકાદરા, સ્વાતિ શુક્લ, અશોક શ્રીમાળી, સંજય થોરાત વગેરે અવિરત પોતાની સેવાઓ આપી આ પુસ્તક પરબની પ્રવૃત્તિને ધમધમતી રાખે છે.

### સ્વરાઅંબિકા ઈન્ફોપ્રિન્ટ દ્વારા પ્રકાશિત

# ‘સ્વરા ગાઈડ’નો વિમોચન સમારોહ યોજાયો









ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર શહેરની સૌપ્રથમ કૉમર્શિયલ ડિરેક્ટરી તરીકે ખ્યાત ‘સ્વરા ગાઈડ’ની પાંચમી આવૃત્તિનો લોકાર્પણ સમારોહ તાજેતરમાં ગાંધીનગર ટાઉનહૉલ ખાતે યોજવામાં આવ્યો હતો.

આ પ્રસંગે આયોજિત સમારોહના અધ્યક્ષ તરીકે ગાંધીનગર ઉત્તર વિસ્તારના ધારાસભ્ય અશોકભાઈ પટેલ, મુખ્ય અતિથિ તરીકે ગાંધીનગર સમાચાર દૈનિકના તંત્રી કૃષ્ણકાન્ત જ્હા, અતિથિ તરીકે ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કૉલેજના ટ્રસ્ટી અને પ્રિન્સિપાલ પ્રદીપ ગગલાણી, ગાંધીનગર નાગરિક સહકારી બૅન્કના મૅનેજિંગ ડિરેક્ટર ઘનશ્યામ પટેલ તથા નગરના ઉદ્યોગકાર શૈલેષભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના પ્રારંભે સ્વાગત પ્રવચન અને સ્વરા ગાઈડનો પરિચય ‘સ્વરા ગાઈડ’ના પ્રકાશક વિજય પટેલ દ્વારા આપવામાં આવ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે વર્ષ ૧૯૯૮માં સ્વરા ગાઈડની પ્રથમ આવૃત્તિ પ્રકાશિત કરવામાં આવી હતી, જેની સફળતાએ જ બીજી આવૃત્તિઓને જન્મ આપ્યો અને આજે સ્વરા ગાઈડની પાંચમી આવૃત્તિનું પ્રકાશન કરી શકાયું છે. ઉલ્લેખનીય છે કે ‘સ્વરા ગાઈડ’ની આ અદ્યતન આવૃત્તિ સંપૂર્ણ મલ્ટીકલર સ્વરૂપે તૈયાર કરવામાં આવી છે અને આ વખતે ન માત્ર પુસ્તક સ્વરૂપે પરંતુ વેબસાઈટ સ્વરૂપે અને ઍન્ડ્રોઈડ ઍપ્લીકેશન સ્વરૂપે પણ તેનું પ્રકાશન કરવામાં આવ્યું છે. મતલબ કે હવે નાગરિકો સ્વરા ગાઈડની વેબસાઈટ અને ઍન્ડ્રોઈન ઍપ્લીકેશનનો ઉપયોગ કરીને પણ પોતાને જરૂરી માહિતી પ્રાપ્ત કરી શકશે. નવતર સ્વરા ગાઈડમાં ગાંધીનગર શહેર ઉપરાંત ન્યૂ ગાંધીનગરની કૉમર્શિયલ વિગતો પણ સમાવવામાં આવી છે અને તેમાં નાગરિકો માટે આવશ્યક સેવાઓની માહિતી ઉપરાંત શહેરના સઘળાં સૅક્ટર્સના નકશા પણ સૅક્ટરનાં સઘળાં મુખ્ય સ્થાનો સહિત મૂકવામાં આવ્યા છે, જે આ ડિરેક્ટરની વિશેષતા છે.

સ્વરા ગાઈડના લોકાર્પણ સમારોહ અંતર્ગત તેની માર્કેટિંગ ટીમના સભ્યોને અતિથિઓના હસ્તે પ્રમાણપત્ર આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે નગરના વેપારીઓ, ઉદ્યોગકારો અને પ્રબુદ્ધ નાગરિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. લોકાર્પણ સમારોહનું સંચાલન તથા આભાર દર્શન કુંતલ નિમાવત દ્વારા કરવામાં આવ્યું હતું. સ્વરા ગાઈડના લોકાર્પણ બાદ પ્રેક્ષકોના મનોરંજન અર્થે નગરની કલા સંસ્થા ધી ગ્રેટ ઍન્ટરટેઈનર્સ ક્લબ (જી ઈ ક્લબ) દ્વારા કુંતલ નિમાવત લિખિત-દિગ્દર્શિત નાટક ‘ન.મો.ની લીલા’નું મંચન કરવામાં આવ્યું હતું. આ નાટકમાં ગાયત્રી પંચાલ, હાર્દિકા શુક્લ, મૌન સાધુ, ફાલ્ગુન નંદા, દિવ્યકાન્ત વર્મા અને કુંતલ નિમાવતે અભિનયનાં અજવાળાં પાથર્યાં હતાં. સંગીત સંચાલન પંચમ નિમાવત દ્વારા અને લાઈટ સંચાલન મયુર ભાટિયા દ્વારા કરવામાં આવ્યું હતું. નેપથ્ય સંચાલન સાબિર મલેક અને સુજાન ગઢવી દ્વારા કરાયું હતું. ભરપૂર કૉમેડી અને મનોરંજક એવા આ નાટકને પ્રેક્ષકોએ મન ભરીને માણ્યું, વખાણ્યું હતું અને સઘળા કલાકારોને તેના મંચન બદલ અભિનંદન પાઠવ્યા હતા. એક સફળતમ સમારોહ અને ભરપૂર મનોરંજક નાટ્યપ્રયોગને કારણે સ્વરા ગાઈડનો આ લોકાર્પણ સમારોહ યાદગાર બની રહ્યો હતો.

# પી. જી. મેડિકલ-ડૅન્ટલની પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ

ગાંધીનગર, તા. ૭

પી.જી.મેડિકલ-ડેન્ટલમાં પ્રવેશ માટે છેલ્લા ત્રણ દિવસથી ચાલતી પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ થઇ ચુકી છે. શનિવારે છેલ્લા દિવસે કલીનીકલની તમામ બેઠકો ફૂલ થઇ ગઇ હતી. નોન કલીનીકલની ૨૦૬ બેઠકો ખાલી પડી હતી. આ ખાલી બેઠકો બીજા રાઉન્ડમાં ભરવામાં આવશે. જો કે, બીજો રાઉન્ડ કયારે શરૂ થશે તે અંગે હજુસુધી કોઇ સ્પષ્ટતાં કરવામાં આવી નથી. રવિવારે એક દિવસ ડેન્ટલની બેઠકો માટે કાર્યવાહી કરવામાં આવી હતી.

પોસ્ટ ગ્રેજ્યુએશન મેડિકલની બેઠકો પર અત્યાર સુધી દરેક યુનિવર્સિટીઓ પોતાની રીતે ટેસ્ટ લઇને પ્રવેશ આપતી હતી. પહેલી વખત સમગ્ર રાજયની પી.જી.મેડિકલ બેઠકો પર નીટ ના આધારે કોમન કાઉન્સેલિંગ કરીને પ્રવેશ ફાળવવાનું નક્કી કરાયુ હતુ. પહેલી વખત ગાંધીનગરની મેડિકલ કોલેજમાં કોમન કાઉન્સેલિંગ કરાયુ જેમાં વિદ્યાર્થીઓ-વાલીઓને પારદર્શક પધ્ધતિથી સ્કીન પર બેઠકોની ફાળવણીની વિગતો દર્શાવવામાં આવી હતી. સામાન્ય રીતે પ્રવેશ ફાળવણીની કાર્યવાહી પ્રવેશ સમિતિ દ્વારા કરવામાં આવે છે. પરંતુ યુ.જી.મેડિકલ પ્રવેશ સમિતિના સભ્યોના વર્તન અને મોબાઈલ ફોન બંધ કરી દેવાની જૂની આદતોના કારણે સમગ્ર કાર્યવાહી સરકારે હાથમાં લીધી હતી. છેલ્લા ત્રણ દિવસોમાં કલીનીકલની તમામ બ્રાન્ચો ફુલ થઇ ગઇ હતી. પરંતુ નોન કલીનીકલમાં ફાર્માકોલોજી, ફીઝોયોલોજી, એનેસ્થેસિયોલોજી, પેથોલોજી, કોમ્યુનિટી મેડીસીન પબ્લીસ હેલ્થ, ડીટીસીડી જેવી બ્રાન્ચોની કેટલીક બેઠકો ખાલી પડી હતી. જે બેઠકો ખાલી પડી છે તે નિયમ પ્રમાણે બીજા રાઉન્ડમાં ભરવામાં આવશે. બીજો રાઉન્ડ કયારે કરવામાં આવશે તેની જાહેરાત હવે પછી કરવામાં આવશે. રવિવારે એક દિવસ પી. જી. ડેન્ટલની બેઠકો માટે કાર્યવાહી કરવામાં આવી હતી. જેમાં ડેન્ટલની ૨૫૫ બેઠકો માટે ૨૩૬ જેટલા વિદ્યાર્થીઓએ અરજી કરી હતી. એટલે કે જેટલા વિદ્યાર્થીઓએ પી.જી.માં પ્રવેશ માટે ઉમેદવારી નોંધાવી છે તે તમામને પ્રવેશ ફાળવવામાં આવશે તો પણ પી. જી. ડેન્ટલની કેટલીક બેઠકો ખાલી પડે તેમ છે. નોંધનીય છે કે પી. જી. મેડિકલની ૧૧૦૭ બેઠક માટે કાર્યવાહી કરવામાં આવી હતી.

# શિવાનંદ આશ્રમ ખાતે ૧૧મીથી યોગ શિક્ષક તાલીમ શિબિર

ગાંધીનગર, તા. ૭

શિવાનંદ આશ્રમના અધ્યક્ષ સ્વામી અધ્યાત્માનંદજીના ૭૩મા જન્મદિનની ઉજવણી ૩ મે, ૨૦૧૭ના રોજ કરવામાં આવી હતી અને શિવાનંદ આશ્રમ ખાતે તા. ૧૧મી મેથી ૩૭મા યોગ શિક્ષક તાલીમ શિબિરનો પ્રારંભ થશે. જ્યારે ૭૮૭મી યોગ શિબિરનો પ્રારંભ તા. ૨૯મી મેથી શરૂ થશે. અમદાવાદમાં ૪૦ વર્ષની અંદર તેમણે અસંખ્ય લોકોને યોગનું પ્રશિક્ષણ આપ્યું છે અને વર્ષ-૨૦૦૦થી યોગ શિક્ષકોને તાલીમ આપી રહ્યાં છે. તેમની પ્રેરણાથી ભારત ઉપરાંત અમેરિકા, યુ.કે., કેનેડા, જાપાન, ચીન, તાઈવાન ખાતે પણ યોગશિક્ષકો દ્વારા યોગનો અભ્યાસ થઈ રહ્યો છે.

સ્વામી અધ્યાત્યામાનંદજીએ જણાવ્યું કે વર્તમાન સમયમાં સ્ટ્રેસ લેવલ વધી ગયું છે, તેની પાછળનું એક કારણ ધીરજનો અભાવ જોવા મળી રહ્યો છે. બાળકો અને વિદ્યાર્થીઓથી લઈને લગ્નજીવન તૂટી રહ્યા છે, આ બધાની પાછળ પણ સમજણનો અભાવ અને માનસિક અશાંતિ જોવા મળી રહી છે. માતા-પિતા બાળકોને જન્મ આપે એ પૂરતું નથી, પરંતુ તેમને જીવન આપવાની જરૂર છે.

આ બધી સ્થિતિ માટે ચિંતન જરૂરી છે. માત્ર શારીરિક યોગ મદદ ન કરી શકે એટલે કે હઠયોગ નહીં, પરંતુ સમન્વય યોગની આવશ્યકતા છે. સંબંધ યોગની આવશ્યકતા છે એમ તેમણે વધુમાં જણાવ્યું હતું.

# શહેરના સિનિયર સાહિત્યકારો દ્વારા નવસર્જકોને પ્રોત્સાહન





ગાંધીનગર, તા. ૭

વૉટ્સઍપ દ્વારા એકત્રીત થયેલા રાજ્ય અને રાજ્ય બહારના ગુજરાતી વાર્તાસર્જકો માત્ર વૉટ્સઍપ પર વાર્તાનું સર્જન કરે, ગૃપના પ્રથમ જન્મદિવસની ઉજવણી કેક કાપીને કરે અને સર્જકોની વાર્તાઓનું એક પુસ્તક પ્રકાશિત કરે એ ઘટના જ કેટલી આનંદદાયી છે !

‘સર્જન’ નામે ચાલતા આ વૉટ્સઍપ ગૃપના ઍડમિન જિજ્ઞેશ અધ્યારુ માઈક્રોફિક્શન ક્ષેત્રે નવોદિતો માટે ઘણું કામ કરે છે. એક વર્ષને વધાવવા આ ગૃપમાં લખતા સર્જકોની પસંદ કરેલી વાર્તાઓ સંપાદિત કરી એમણે પુસ્તક તૈયાર કર્યું અને અમદાવાદ નેશનલ બૂક ફૅરના તારક મહેતા હૉલમાં આ પુસ્તકનું વિમોચન થયું.

ગાંધીનગરના રહેવાસી અને ગુજરાતના વરિષ્ટ સાહિત્યકાર દોલત ભટ્ટ, રાઘવજી માધડના હસ્તે આ નવી પેઢીના લેખકોની વાર્તાઓના પુસ્તક ‘માઈક્રોસર્જન’નું વિમોચન કરવામાં આવ્યું. આ સાથે મહિપતરામ રૂપરામ આશ્રમની દસ બાળાઓના હસ્તે પણ આ વિમોચન સંપન્ન કરવામાં આવ્યું.

ઉલ્લેખનીય છે કે ગાંધીનગર સાહિત્ય સભાના મંત્રી અને ગાંધીનગર સમાચાર દૈનિકના કટાર લેખક સંજય થોરાતની માઈક્રોફિક્શન વાર્તા ‘દંગલ’ આ પુસ્તકમાં સ્થાન પામી છે.

આ પુસ્તકમાં અતુલ ભટ્ટ, આરઝુ ભુરાણી, આલોક ભટ્ટ, એન્જલ ધોળકિયા, અનુજ સોંકી, આરતી આંત્રોલિયા, ભારતી ગોહિલ, ધવલ સોની, ધર્મેશ ગાંધી, દિવ્યેશ સોડવડિયા, ગોપાલ ખેતાણી, ડૉ. હાર્દિક યાજ્ઞિક, હાર્દિક પંડ્યા, હેતલ પરમાર, જલ્પા જૈન, જિજ્ઞેશ અધ્યારુ, જાહ્નવી અંતાણી, જિજ્ઞેશ કાનાબાર, લતા સોની કાનુગા, લીના વછરાજાની, મીરાં જોશી, મીનાક્ષી વખારીયા, મિત્તલ પટેલ, નિમિષ વોરા, નીલમ દોશી, ડૉ. નિલય પંડ્યા, નીવારોઝીન રાજકુમાર, પાર્મી દેસાઈ, પ્રીતિ ભટ્ટ, પરીક્ષિત જોશી, પૂર્વી બાબરિયા, મણિલાલ વણકર, રક્ષા બારૈયા, રક્ષા મામતોરા, રાજુલ ભાનુશાલી, સરલા સુતરિયા, સંજય ગુંદલાવકર, સોનિયા ઠક્કર, સ્વાતિ શાહ, સ્મિતા પટેલ, શૈલેષ પંડ્યા, શૈલેષ પરમાર, શીતલ ગઢવી, શિલ્પા સોની, યામિની પટેલ, કુંજલ પ્રદીપ છાયા, વિભાવન મહેતા, ઝીલ ગઢવીની વાર્તાઓને સ્થાન મળ્યું છે.

આજકાલ જેમની માઈક્રોફિક્શન ખૂબ વાઈરલ બની છે એવા ડૉ. હાર્દિક યાજ્ઞિકે આ સમગ્ર કાર્યક્રમનું ખૂબ રસાળ અને માહિતીપ્રદ સંચાલન કર્યું હતું.

**ડાયરેક્ટ ❤ સે**

બહારના પડકારોથી નહીં
આપણે
અંદરની નબળાઈઓથી
હારીએ છીએ


**મનોરંજન**

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૧**
બાહુબલિ-૨
૧૨.૩૦, ૩.૫૦
૭.૧૦, ૧૦.૩૦
**સ્ક્રીન-૨**
બાહુબલિ-૨
૨.૩૦, ૬.૨૫, ૯.૪૫
**સ્ક્રીન-૩**
બાહુબલિ-૨
૧૦.૩૦
ગાર્ડીયન ઑફ ધી ગૅલેક્સી
(અંગ્રેજી, ૩ડી)
૧૨.૩૦, ૫.૩૦
ગાર્ડીયન ઑફ ધી ગૅલેક્સી
(હિન્દી, ૩ડી)
૩.૦૦, ૮.૦૦
**સ્ક્રીન-૪**
બાહુબલિ-૨
સવારે ૧૦.૦૦,
૫.૦૦, ૮.૦૦
**સ્ક્રીન-૪**
બાહુબલિ-૨
સવારે ૧૧.૦૦

**પુસ્તક પ્રાપ્તિ**

ગત માસ દરમિયાન ગાંધીનગર સમાચારને નીચે મુજબનું પુસ્તક પ્રાપ્ત થયું છે, જેનો સાભાર સ્વીકાર કરવામાં આવે છે.





**પરમતાઓ**
**લેખક : ઓશો**
**અનુવાદ : રમેશ પટેલ**
**પ્રકાશક : ઉપનિષદ ચેરીટેબલ ટ્રસ્ટ, વડોદરા**

ઓશોના અંગ્રેજી પુસ્તક ‘ઍબ્સોલ્યુટ તાઓ’નો ગુજરાતી અનુવાદ. સમજની પર્યાપ્તતાને માણવા માટે, જાણવા માટે, જીવવા માટે વાંચવા જેવું પુસ્તક.

**કિંમત : રૂા. ૨૦૦.૦૦**

# મોસાળમાં રહેવું એ લ્વાહો હતો

**સંવેદના – મારું માયાળુ મોસાળ**

જામનગર શહેર મારું મોસાળ. નાના રવજીભાઈ વડોદરીયા (પટેલ) ૧૯૩૬માં ગ્રેજ્યુએટ થઈ પંદર વર્ષ સલાયામાં કસ્ટમ અધિકારી તરીકે રહ્યા. પરંતુ ઘરમાં એક પણ વિદેશી વસ્તુ લાવ્યા ન હતા. લાંચ-રુશ્વતના ખાતામાંથી સ્વેચ્છાએ રાજીનામું આપી જૂનાગઢ જિલ્લા પાંચાયત અધિકારી નો છેલ્લે કલેક્ટરના હોદ્દા પરથી નિવૃત્ત થઈ જામનગરમાં કાયમી સ્થાયી થયા હતા.

મારા પપ્પા સિવિલ ઍન્જિનીયર, એમનું કામ વાડીનારમાં ચાલતું હોવાથી અમે પણ આઠેક વર્ષ જામનગર રહ્યા. મેં ધોરણ૩થી ૧૦નો અભ્યાસ પણ જામનગરમાં જ કર્યો. સ્કૂલેથી છૂટીને રજામાં ને વૅકેશનમાં હુ મામાના ઘરે જ હોઉં. શાંતાબા ભણ્યા ન હતાં પણ છાપું વાંચી લેતાં. થેંક્યુ, સૉરી, મૅન્શન નૉટ જેવા અંગ્રેજી શબ્દો પણ બોલી લેતાં. તેઓ ખૂબ પ્રેમાળ હતાં. ત્યાં જાઉં એટલે ભાખરી, મલાઈવાળું દહીં, ગાંઠીયા, અથાણું ખવડાવે, નાનાં-મોટાં કામ શીખવે, તેલ નાંખી ફિટ બે ચોટલા વાળી આપે ને સાંજે હવેલી દર્શન કરવા લઈ જાય ત્યારે ગાયને ઘાસ નાખે. બાંધ મૂઠ્ઠીમાં પૈસા હોય, તે ગણ્યા વગર જ ભીખારીને આપી દે. સાંજે મોટા મામા અરવિંદભાઈ અને મામી પ્રતાપેશ્વર મહાદેવ તળાવની પાળે ને રવિવારે આરામ હૉટલમાં બધાંને ઢોસા ખાવા લઈ જાય. નાના મામા જયપ્રકાશભાઈ નાના-મોટા સૌમાં ભળી જાય. વચેટ મામા રમેશભાઈ મોડાસા લૉ કૉલેજમાં પ્રિન્સિપાલ તરીકે નિવૃત્ત થઈ હાલ અમદાવાદ સ્થાયી છે. મોસાળમાં રહેવાનો મને સૌથી વધારે લ્હાવો મળ્યો જેની યાદો આજેય મારા મનમાં કાયમ છે.

**- નીતાબેન વૈષ્ણવ**
**સેક્ટર-૬ બી**